# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

(રમતગમત,યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત

પેલો માળ, સુડા ભવન, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭

E-mail Id :-dsdo-surat@gujarat.gov.in

જાવક નં જિ.ર.પ્ર.કે.સુરત :/1476થી1476/૨૦૨૫. તા.૨૯/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ સુરત

આચાર્યશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત

પ્રમુખ/મંત્રીશ્રી, સુરત જિલ્લા/શહેર વ્યાયામ પ્રચારક મંડળ, સુરત તાલુકા વ્યાયામ પ્રચારક મંડળ

બી.આર.સી. કો-ઓર્ડીનેટરશ્રી, સી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી,સુરત જિલ્લા /શહેર તમામ

પ્રમુખ/મંત્રીશ્રી, સુરત જિલ્લા/શહેર કક્ષાના સંબંધિત રમતના માન્ય એસોશીએશન

સુરત.

વિષય :- ખેલ મહાકુંભ - ૨૦૨૫ રજીસ્ટ્રેશન બાબત.

સંદર્ભ :- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/ ૨૦૨૫-૨૬/તા.૨૬/૦૮/૨૦૨૫ મુજબ.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોન (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવનાર છે.

ખેલ મહાકુંભ૨૦૨૫ નું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૨૯/૦૮/૨૦૨૫ થી શરુ કરવામાંઆવેલ છે. જે તા.૨૨/૦૯/૨૦૨૫ સાંજે ૦૬:૦૦ સુધી કરી શકાશે.જે અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળા માંથી ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ માટે સુરત જિલ્લાની તમામ શાળાઓએ http://khelmahakumbh.gujarat.gov.inપર જઈ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

| વયજૂથ | તારીખ થી જન્મેલા |
|---|---|
| અન્ડર ૦૯ - | ૦૧/૦૧/૨૦૧૭ અને તે પછી જન્મેલા |
| અન્ડર ૧૧ - | ૦૧/૦૧/૨૦૧૫ અને તે પછી જન્મેલા |
| અન્ડર ૧૪ - | ૦૧/૦૧/૨૦૧૨ અને તે પછી જન્મેલા |
| અન્ડર – ૧૭ | ૦૧/૦૧/૨૦૦૯ અને તે પછી જન્મેલા |
| ઓપન એજ ગ્રુપ | ૩૧/૧૨/૨૦૦૮ પહેલા જન્મેલા |
| અબવ – ૪૦ | ૦૧/૦૧/૧૯૬૬ થી ૩૧/૧૨/૧૯૮૫ દરમ્યાન જન્મેલા |
| અબવ – ૬૦ | ૩૧/૧૨/૧૯૬૫ અને તે પહેલા જન્મેલા |

નોંધ : વય મર્યાદા નક્કી કરવા માટે કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૨૫ રહેશે.

